અપીલ અરજી નં.૧૨૦ તા.૧૪–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલની તા.૧૧–૫–૧૧ ની અરજીથી તા.૮–૪–૧૧ ના રોજ આપશ્રીને એક અરજી કરેલી, વિષય હતો કે દિનાંક ૧૪ એપ્રિલ ૨૦૧૧ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિતે રેલી કાઢવા માટે બે ટ્રક આપવા મૌખિક અને લેખિત માંગણી પરંતુ આજ સુધી અરજદારની અરજીનો જવાબ આપવાની આપશ્રીને ફુરસદ મળી નથી? કયા કારણથીઅરજદારને પત્ર ધ્વારા ઉત્તર આપેલ નથી. અગાઉ પણ આપશ્રીને શ્રમિક એકતા પરિષદના લેટર પર અરજી કરેલી એ અરજીનો પણ આપશ્રીએ જવાબ આપેલ નથી? અરજદારની અરજી ઉપર ડો. બાબા સાહેબ આંબેડકરના ફોટો જોઈને આપશ્રીને નફરતની લાગણી પેદા થાય એવુ લાગે છે? માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૨૦/૨૦૧૧–૧૨

શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલની તા.૧૧–૫–૧૧ ની અરજીથી તા.૮–૪–૧૧ ના રોજ આપશ્રીને એક અરજી કરેલી, વિષય હતો કે દિનાંક ૧૪ એપ્રિલ ૨૦૧૧ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિતે રેલી કાઢવા માટે બે ટ્રક આપવા મૌખિક અને લેખિત માંગણી પરંતુ આજ સુધી અરજદારની અરજીનો જવાબ આપવાની આપશ્રીને ફુરસદ મળી નથી? કયા કારણથી અરજદારને પત્ર ધ્વારા ઉત્તર આપેલ નથી. અગાઉ પણ આપશ્રીને શ્રમિક એકતા પરિષદના લેટર પર અરજી કરેલી એ અરજીનો પણ આપશ્રીએ જવાબ આપેલ નથી? અરજદારની અરજી ઉપર ડો. બાબા સાહેબ આંબેડકરના ફોટો જોઈને આપશ્રીને નફરતની લાગણી પેદા થાય એવુ લાગે છે? માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૨ તા.૨૩–૫–૧૧ થી આપેલ માહિતિના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૪ તા.૧૭–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી તા.૮–૪–૧૧ ના રોજ આપશ્રીને એક અરજી કરેલી, વિષય હતો કે દિનાંક ૧૪ એપ્રિલ ૨૦૧૧ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિતે રેલી કાઢવા માટે બે ટ્રક આપવા મૌખિક અને લેખિત માંગણી પરંતુ આજ સુધી અરજદારની અરજીનો જવાબ આપવાની આપશ્રીને ફુરસદ મળી નથી? કયા કારણથી અરજદારને પત્ર ધ્વારા ઉત્તર આપેલ નથી. અગાઉ પણ આપશ્રીને શ્રમિક એકતા પરિષદના લેટર પર અરજી કરેલી એ અરજીનો પણ આપશ્રીએ જવાબ આપેલ નથી? અરજદારની અરજી ઉપર ડો. બાબા સાહેબ આંબેડકરના ફોટો જોઈને આપશ્રીને નફરતની લાગણી પેદા થાય એવુ લાગે છે? શ્રી કેતન પટેલ સાહેબને તા.૮–૪–૧૧ ના રોજે ટ્રક ,ગાડી આપવા બાબતની રજૂઆત કરેલી અને આપશ્રીએ અમોને જણાવેલ કે મુન્શી સાહેબને મળવા માટે જણાવેલ અમો મુન્સી પાસે ગયા મુન્સી સાહેબે અમોને રાદેરઝોનના ઝોનલચીફ શ્રી દારૂવાલા પાસે જવાની અમને સલાહ આપેલ અમોને ગેરમાર્ગે દોરવાના પ્રયત્ન કરેલા છે.? વરાછાઝોનના ડે.ઈજનેર ઉચા વર્ગના હોવાથી અરજદારને ગેરમાર્ગે દોરેલો અને એચ.એચ. ગજ્જર અરજદારને જણાવેલ કે અમો સંસદ સી.આર. પાટીલને ગાડી આપવાના છો તમોને ગાડી આપવાના નથી? કયા કાયદા ના નિયમના આધારે આવો જવાબ આપેલ છે એની માહિતી અમોને સમય મર્યાદામાં આપો તેવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૨ તા.૨૩–૫–૧૧ થી " આરટીઆઈ એકટ અન્વયે ફકત રેકર્ડ આધારીત જ માહિતી આપવાની રહે છે. વરાછાઝોનના ઉપરી અધિકારીશ્રી સાથે રૂબરૂ ચર્ચાના જવાબો આરટીઆઈ એકટ અન્વયે આપવાના રહેતા નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

જે બાબતે અરજદારે અપીલમાં સ્થાનિક કાર્યકરોને ગાડી ફાળવેલ નથી અથવા તો ગાડીની માંગણી કરેલ હોવા છતાં આપેલ નથી તથા ગાડી અન્યને ફાળવેલ હોવાની રજૂઆત કરેલ છે. તેવી રજૂઆત કરી તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલમાં કરેલી રજૂઆત ફરીયાદ તકરાર નિવારણને લગતી બાબત છે જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી હકીકતલક્ષી માહિતી જણાવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. અરજદારની અપીલ તકરાર નિવારણને લગતી બાબત હોઈ જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,